# ઇકોર્ટ્સ સેવાઓની મોબાઈલ એપ્લીકેશન




GET IT ON Google Play

Download on the App Store

॥ यतो धर्मस्ततो जयः ॥

**Circulated by:**

ecommittee

supreme court of India

# ઇકોર્ટ્સ સેવાઓની મોબાઈલ એપ્લીકેશન




ભારતની સર્વોચ્ચ અદાલતની

ઈ-કમિટી દ્વારા પરિપત્રિત.

# ઈકોર્ટસ સેવાઓની મોબાઈલ એપ્લીકેશન

**ભારતની સર્વોચ્ચ અદાલતની ઈ–કમિટી દ્વારા પરિપત્રિતઃ**

**લેખકઃ**

**સુશ્રી આર.અરૂલમોઝીસેલ્વી, એમ.એલ.,**

**સભ્ય (માનવ સંસાધન)**

**ઈ–સમિતી, ભારતની સર્વોચ્ચ અદાલત.**

**––––––––– ભાષામાં અનુવાદિત**

*(પ્રાદેશિક ભાષામાં અનુવાદ કરનાર વ્યક્તિનું નામ ઉમેરો)*

*(જો એક કરતાં વધુ વ્યક્તિએ અનુવાદ કરેલ હોય, તો અનુવાદક સમુહના તમામ સભ્યોના નામ સામેલ કરવા)*

**પ્રથમ આવૃતિ, ફેબ્રુઆરી, ૨૦૨૧**

**<u>ડિસ્કલેઈમરઃ</u>**

*ઈ–કમિટી દ્વારા પરિપત્રિત કરવામાં આવેલ આ સંદર્ભ સામગ્રી માત્ર અભ્યાસ અને તાલીમ અર્થે તૈયાર કરવામાં આવેલ છે. આપવામાં આવેલ સંદર્ભ સૂચક છે અને તેનો કોઈ અધિકૃત અથવા ન્યાયિક સંદર્ભ માટે ઉપયોગ થઈ શકશે નહીં.*

DR JUSTICE D Y CHANDRACHUD
Judge, Supreme Court of India

## Foreword

The e-Committee of the Supreme Court has been at the forefront of introducing digital reforms in the field of law. In the past one year, the pandemic has also pushed advocates, judges and litigants to adopt high tech solutions due to the closure of offices and courts in light of lockdowns and public health concerns. Working remotely, virtual courts, digital workplaces and electronic case management have become integral to how the legal profession is practiced and conducted. This has given us a rare opportunity to embrace technology not just as an interim measure but to transform our legal system to make it more efficient, inclusive, accessible and environmentally sustainable. The e-Courts Services Mobile Application is a step in this direction.

The e-Courts Services Mobile Application is a one stop electronic case management tool (ECMT) for advocates and litigants for cases filed in the District Courts and High Courts. It provides complete case history from filing till disposal including date wise case diary. It allows users to access orders/judgments, cause list, transfer details of the case and interim application status. A unique feature of the application is that an advocate can maintain a digital diary of all cases under "My Cases" tab.

All these facilities are available free of cost. The usage of the application will not only reduce the footfall at the court complexes but will also save time and effort for judges, court staff and other stakeholders. It will also ensure that geographical

constraints do not hinder access to relevant case information. We have also attempted to make the application accessible to persons with disabilities.

The ECMT tools have been discussed in detail in the manual with screenshots. Keeping in mind the linguistic and cultural diversity of India, the manual has been translated in 11 regional languages.

The improvement in technological capacities must be accompanied by a change in culture and mindset. I am happy to note that many advocates and litigants have already embraced the services offered through this mobile application with more than 57 lakh downloads so far. The application will pave the way for optimizing our legal system in an ever-evolving digital world.

**[Dr Justice D Y Chandrachud]**

बरुण मित्रा, भा.प्र.से.
**BARUN MITRA, IAS**

सचिव
न्याय विभाग
विधि और न्याय मंत्रालय
भारत सरकार
**SECRETARY**
**DEPARTMENT OF JUSTICE**
**MINISTRY OF LAW & JUSTICE**
**GOVERNMENT OF INDIA**

सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

# FOREWORD

As the legal world is gradually turning digital globally, the process of ICT enablement of the judicial landscape in India has concurrently made significant strides. As an integral part of this multi-dimensional initiative, the eCourts Services Mobile App has been widely hailed as an effective Electronic Case Management Tool (ECMT). Its popularity is manifested in the growing number of downloads by lawyers, having already crossed the 57 lakh figure.

Robust Case Management and sound supporting systems are at the core of any well-functioning legal architecture. ECMT tool, enables a lawyer to efficiently manage case information, document assembly, calendaring, time-tracking of case status, accessing judicial decisions, compliance requirements etc. To cap it, ECMT is of immense convenience being available 24 x 7 with no geographical boundaries and easy access on no-cost basis. The eCourts Services Mobile App with its digital diary features has thus evolved into a must-have tool for lawyers to promotetheir professional efficiency.

Publication of this Manual on eCourts Services Mobile App is yet another laudable step by the eCommittee of the Supreme Court to create large scale awareness of this ECMT and in bringing its benefits to the doorstep of the lawyers' community. The manual is also available in Hindi and several other regional languages like Punjabi, Tamil, Gujarati, Odia and Nepali thus enhancing its outreach. I am confident that this Manual will be of great utility for the legal fraternity.

**25th February, 2021** **(Barun Mitra)**
**New Delhi**

# "ઈકોર્ટ્સ સેવાઓ" – મોબાઈલ એપ્લિકેશન

## સમાવિષ્ટોનું કોષ્ટક

| | | |
|---|---|---|
| ૧. | | "ઈકોર્ટ્સ સેવાઓ" મોબાઈલ એપ્લિકેશન કેવી રીતે ઇન્સ્ટોલ કરવી: |
| | ૧.૧ | Https://eCourts.gov.in શોર્ટકટ લિંક પરથી ડાઉનલોડ કરો |
| | ૧.૨ | એન્ડ્રોઈડ માટે ગૂગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરો........... <br><br> જો તમારી પાસે એન્ડ્રોઈડ સ્માર્ટફોન હોય, તો ઈ-કોર્ટ્સ સેવાઓ મોબાઈલ એપ્લિકેશન માટે ગૂગલ પ્લે સ્ટોર પર સર્ચ કરો અને ડાઉનલોડ પર ક્લિક કરો અને પછી ડાઉનલોડ કર્યા પછી ઈન્સ્ટોલ પર ક્લિક કરો, પછી તમારા એન્ડ્રોઈડ સ્માર્ટફોનમાં મોબાઈલ એપ્લિકેશન ઈન્સ્ટોલ થઈ જશે. |
| | ૧.૩ | આઈફોન/આઈપેડ માટે એપલ સ્ટોર પરથી ડાઉનલોડ કરો. |
| ૨ | | ઈ-કોર્ટ્સ એપ્લિકેશનની રૂપરેખા જાણો: |
| | (એ) | ઉચ્ચ ન્યાયાલય |
| | (બી) | જિલ્લા ન્યાયાલય |
| | (સી) | બન્ને |
| ૩ | | ૬ ભારતીય ભાષાઓમાં ઈકોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશન (ટૂંક સમયમાં આવી રહી છે) : |

| | | |
|---|---|---|
| | | હિન્દી |
| | | મરાઠી |
| | | તમિલ |
| | | કન્નડ |
| | | ગુજરાતી |
| | | તેલુગુ |
| ૪ | | ઈકોર્ટ્સ સેવાઓની મોબાઈલ એપ્લિકેશનને જાણવા માટે જરૂરી એવા<br><br>બેઝીક આઈકોન્સ: |
| | ૪.૧ | ઈકોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશનનું સ્વાગત પૃષ્ઠ |
| | ૪.૨ | મેનુ સૂચિ આઈકોન્સ |
| | ૪.૩ | જિલ્લા ન્યાયાલય / ઉચ્ચ ન્યાયાલયના કેસની વિગતો: |
| | ૪.૪ | મુખ્ય મેનુ વિકલ્પો: |
| | ૪.૫ | સીએનઆર શોધ: |
| | ૪.૬ | કેસ સ્થિતિ શોધ: |
| | ૪.૭ | કેસ–સૂચિ: |
| | ૪.૮ | મારા કેસ: |
| | ૪.૯ | મારા કેસ તારીખ મુજબ / જિલ્લાવાર: |
| | ૪.૧૦ | કેલેન્ડર વિકલ્પ: |
| | ૪.૧૧ | રીફ્રેશ બટન |
| | ૪.૧૨ | મારા કેસ હેઠળ શોધ વિકલ્પ |

| | | |
|---|---|---|
| | ૪.૧૩ | ક્યૂઆર કોડ: |
| | ૪.૧૪ | સ્કેન ક્યૂઆર કોડ: |
| | ૪.૧૫ | આઈએ વિગતો: |
| | ૪.૧૬ | તબદીલી વિગતો: |
| | ૪.૧૭ | તાબાના અદાલતની માહિતી: |
| | ૪.૧૮ | કેસ ઈતિહાસ |
| ૫ | | ઇ–કોર્ટ્સ સેવાઓ મોબાઇલ એપ્લિકેશન દ્વારા કેસનો સંપૂર્ણ ઈતિહાસ મેળવો |
| ૬ | | કેસ વિકલ્પ |
| ૭ | | સીએનઆર નંબરનો ઉપયોગ કરીને કેસ શોધો |
| | ૭.૧ | સીએનઆર નંબર શું છે: |
| | ૭.૨ | તમારો સીએનઆર નંબર કેવી રીતે જાણવો: |
| | ૭.૩ | ઇ–કોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશનથી સીએનઆર નંબર કેવી રીતે મેળવવો: |
| | ૭.૪ | સીએનઆર નંબરનો ઉપયોગ કરીને કેસ કેવી રીતે શોધવા: |
| ૮ | | કેસની સ્થિતિ શોધો: વિવિધ વિકલ્પોના ઉપયોગ દ્વારા |
| | ૮.૧ | કેસ નંબર વિકલ્પનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ જોવી |
| | ૮.૨ | ફાઇલિંગ નંબર વિકલ્પનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ જોવી: |
| | ૮.૩ | વકીલ વિકલ્પનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ જોવી |

| | | |
|---|---|---|
| | | ૮.૩.૧ – વકીલ નામ દ્વારા શોધો:<br><br>૮.૩.૨ – બારકોડનો ઉપયોગ કરીને શોધો:<br><br>૮.૩.૩ – કેસ–સૂચિનો તારીખનો ઉપયોગ કરીને શોધો (વકીલ કેસ–ચાદી) |
| | ૮.૪ | પક્ષકાર વિકલ્પનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ જુઓ: |
| | ૮.૫ | એફઆઈઆર નંબરનો ઉપયોગ કરીને શોધો: |
| | ૮.૬ | અધિનિયમ દ્વારા શોધો: |
| | ૮.૭ | પ્રી–ટ્રાયલ એપ્લિકેશન: |
| | ૮.૮ | કેવિયેટ: |
| ૯ | | ઇકોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશન દ્વારા કેસ–સૂચિ મેળવવી: |
| ૧૦ | | મારા કેસ વિકલ્પ: |
| | ૧૦.૧ | મારા કેસમાં કેસ કેવી રીતે ઉમેરવા: |
| | ૧૦.૨ | મારા કેસમાંથી કેસ કેવી રીતે દૂર કરવા: |
| | ૧૦.૩ | મારા કેસમાં શોધો: |
| | ૧૦.૪ | રીફ્રેશ બટન: |
| | ૧૦.૫ | મારા કેસ – તારીખ / જિલ્લાવાર મુજબ પ્રદર્શન વિકલ્પ: |
| | ૧૦.૬ | કેલેન્ડર: |
| ૧૧ | | બેકઅપ સુવિધા: |
| | ૧૧.૧ | નિકાસ વિકલ્પ: |

| | | |
|---|---|---|
| | | |
| | ૧૧.૨ | આયાત વિકલ્પ: |
| ૧૨ | | ક્યૂઆર કોડનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ મેળવવી: |
| | પગલું:૧ | તમારા કેસનો ક્યૂઆર કોડ મેળવવો: |
| | પગલું:૨ | ક્યૂઆર કોડનું પ્રિન્ટ આઉટ લો અને કેસ ડોકેટમાં ચોંટાડો: |
| | પગલું:૩ | ક્યૂઆર કોડ સ્કેન કરો: |
| ૧૩ | | જ્યાં ઈન્ટરનેટ નથી ત્યાં એસએમએસ દ્વારા કેસની સ્થિતિ મેળવો: |
| ૧૪ | | ઇકોર્ટ્સ સ્વયંસંચાલિત ઇમેઇલ સેવાઓ દ્વારા કેસની સ્થિતિ પ્રાપ્ત કરવી: |
| | ૧૪.૧ | અવિનાશી સબ કોર્ટ તરફથી ઇકોર્ટ્સ સ્વયંસંચાલિત ઇમેઇલ મોકલો: |
| ૧૫ | | ઈકોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશન દ્વારા ઇન્ડિયા કોડ એક્સેસ: |
| | ૧૫.૧ | ઇન્ડિયા કોડથી અધિનિયમ શોધો: |
| ૧૬ | | અદાલત સંકુલ દર્શક: |
| ૧૭ | | ઇ–કોર્ટ મોબાઇલ એપ્લિકેશનમાં ઇ–ફાઇલિંગ લિંક. |
| ૧૮ | | ઇકોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશનમાં ઇ–પે લિંક: |
| ૧૯ | | ઇ–કોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશનમાં એનજેડીજી લિંક: |
| | ૧૯.૧ | રાષ્ટ્રીય ન્યાયિક માહિતી ગ્રિડ (જિલ્લા અને તાલુકા અદાલતો) |
| | ૧૯.૨ | રાષ્ટ્રીય ન્યાયિક ડેટા ગ્રીડ (ઉચ્ચ અદાલતો). |
| ૨૦ | | સહાય વિકલ્પ: |

## "ઈકોર્ટ્સ સેવાઓ" – મોબાઈલ એપ્લિકેશન.

શું તમે ક્યારેય તમારા બધા કેસની સ્થિતિ હાથવગી હોવાની કલ્પના કરી છે? તે પણ ૨૪ x ૭ ! ઈ–કોર્ટ્સ સેવાઓ મોબાઈલ એપ્લિકેશનથી તે સ્વપ્ન સાકાર થયું છે. હવે કોઈ પણ વ્યક્તિ જે તે અદાલતમાં રૂબરૂ ગયા વિના તેના મોબાઈલથી કેસની સ્થિતિ, અદાલતના હુકમો, કેસ–સૂચિ વિગેરે વિશે જાણકારી મેળવી શકે છે. ભારતની સર્વોચ્ચ અદાલતની ઈ–કમિટી દ્વારા પક્ષકારો, વકીલો, કાયદા સંબંધિત પેઢીઓ, પોલીસ, સરકારી એજન્સીઓ અને અન્ય સંસ્થાકીય પક્ષકારોના લાભાર્થે "ઈકોર્ટ્સ સેવાઓ" નામથી મોબાઈલ એપ્લિકેશન રજૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ એપ્લિકેશનમાં સીએનઆર નંબર સાથે કેસ શોધ, કેસ નંબરનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ, ફાઈલિંગ નંબર, પક્ષકારોના નામ, એફઆઈઆર નંબર, વકીલની વિગતો, કાયદાઓ, કેસ પ્રકાર જેવા વિકલ્પોથી સજ્જ છે. ઈ–કોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશન દ્વારા તમે કેસ ઈતિહાસ, કેસની ડાયરી, કેસ–સૂચિ, કેસની તબદીલી વિગતો, હુકમો અને ચુકાદાઓ પણ વિના મૂલ્યે જોઈ શકો છો. તમે તેને ગૂગલ પ્લે સ્ટોર પરથી એન્ડ્રોઈડ ફોન તથા આઈફોન અને આઈપેડ ડિવાઈસીસ માટે એપલ એપ સ્ટોર પરથી અન્ય એપ્લિકેશનની જેમ ડાઉનલોડ કરી શકો છો. ડાઉનલોડ લિંક સત્તાવાર ઈ–સમિતિ વેબસાઈટ https://ecommitteesci.gov.in માં પ્રદાન કરવામાં આવેલ

છે, ત્યાંથી પણ તમે ડાઉનલોડ કરી શકો છો.

બધી જ ઈકોર્ટ્સ સેવાઓ, ઈકોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશન અંતર્ગત ઉપલબ્ધ છે, જેનો વધુ એક લાભ એ છે કે તેમાં ઉપલબ્ધ 'મારા કેસ' નો વિકલ્પ વકીલ / પક્ષકાર માટે ડિજિટલ ડાયરી સમાન છે. 'મારા કેસ' નો ઉપયોગ કરવાથી કોઈ વ્યક્તિગત કેસ નંબર્સ ઉમેરી શકાય છે અને સ્વયંસંચાલિત અપડેટ્સ મેળવી શકાય છે. જુદા જુદા સ્થળોએ જુદી જુદી અદાલતોમાં બહુવિધ કેસ ધરાવતા પક્ષકારો, પેઢીઓ, કંપનીઓ અથવા સંસ્થા માટે પણ તે ઉપયોગી છે. 'મારા કેસ'માં કોઈ વ્યક્તિ પોતાની કેસની સૂચિ ઉમેરી શકે છે અને ઇ–કોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશન દ્વારા તમામ અપડેટ્સ મેળવી શકે છે. તેમાં કોઈ શંકા નથી કે ઇ–કોર્ટ્સ સેવાઓ મોબાઇલ એપ્લિકેશન, તમારી કેસની તમામ વિગતો સાથેની વ્યક્તિગત ડિજિટલ કેસ ડાયરી તમારા હાથ (મોબાઇલ)માં ૨૪ x ૭ નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

## ૧. "ઈકોર્ટ્સ સેવાઓ" મોબાઇલ એપ્લિકેશન કેવી રીતે ઇન્સ્ટોલ કરવી:


૧.૧ ઈ–કોર્ટ વેબસાઇટ શોર્ટકટ લિંકથી ડાઉનલોડ કરો

૧.૨ ગૂગલ સ્ટોર / એપલ સ્ટોરથી ડાઉનલોડ કરો

## ૧.૧ https://eCourts.gov.in શોર્ટકટ લિંકમાંથી ડાઉનલોડ કરો

ગૂગલ પ્લે–સ્ટોર / એપલ આઇટ્યુન્સ સ્ટોર્સમાંથી નવી ઈ–કોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકાય છે. ઈ–કોર્ટ્સ વેબસાઇટ ગૂગલ પ્લે સ્ટોર / એપલ આઇટ્યુન્સમાંથી ઈ–કોર્ટ્સ સેવાઓ મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે એક શોર્ટકટ લિંક પ્રદાન કરે છે. આ શોર્ટકટ લિંકને ક્લિક કરતાં, તમે સંબંધિત પ્લે સ્ટોર પરથી મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકો છો. ઈ–કોર્ટ્સ વેબપેજમાં પ્રદાન કરેલી મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ લિંક અહીં સ્ક્રીનશોટ તરીકે નીચે બતાવવામાં આવી છે. જ્યારે ઇન્સ્ટોલેશન પૂર્ણ થાય, ત્યારે તમારે એપ્લિકેશનને "open" પર ક્લિક કરવાની રહેશે, જે એપ્લિકેશનને ખોલશે અને ઈકોર્ટ્સ એપ્લિકેશનની 'welcome screen' દેખાશે, જે નીચે સ્ક્રીનશોટમાં બતાવવામાં આવી છે.






## ૧.૨ એન્ડ્રોઇડ માટે ગૂગલ પ્લે–સ્ટોર પરથી ડાઉનલોડ કરોઃ

જો તમારી પાસે એન્ડ્રોઇડ સ્માર્ટફોન હોય, તો ઇ–કોર્ટ્સ સેવાઓ મોબાઇલ એપ્લિકેશન માટે ગૂગલ પ્લે સ્ટોર પર સર્ચ કરો અને ડાઉનલોડ પર ક્લિક કરો અને પછી ડાઉનલોડ થયા બાદ ઈન્સ્ટોલ પર ક્લિક કરો, ત્યારબાદ તમારા સ્માર્ટફોનમાં મોબાઇલ એપ્લિકેશન ઈન્સ્ટોલ થઈ જશે.








## ૧.૩. આઈફોન/આઈપેડ માટે એપલ સ્ટોર પરથી ડાઉનલોડ કરોઃ

જો તમારી પાસે એપલ આઈફોન હોય, તો "ઈકોર્ટ્સ સેવાઓ મોબાઇલ એપ્લિકેશન" માટે એપલ સ્ટોર પર સર્ચ કરો અને ડાઉનલોડ પર ક્લિક કરો, ડાઉનલોડ થયા પછી ઈન્સ્ટોલ પર ક્લિક કરો. પછી તમારા એપલ આઈફોન પર મોબાઈલ એપ્લિકેશન ઈન્સ્ટોલ થઈ જશે. એ જ રીતે, આઈપેડ ઈકોર્ટ્સ સેવાઓ માટે મોબાઇલ એપ્લિકેશન ઉપલબ્ધ છે, જે આઈપેડ પર ડાઉનલોડ અને ઈન્સ્ટોલ થઈ શકે છે.




## ૨. ઈ–કોર્ટ્સ એપ્લિકેશનની રૂપરેખા જાણો:




ઈ–કોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશનનું વર્તમાન સંસ્કરણ ત્રણ શિર્ષક હેઠળ સેવાઓ પ્રદાન કરે છે;

(એ) ઉચ્ચ ન્યાયાલય

(બી) જિલ્લા ન્યાયાલય

(સી) બન્ને



ઇ–કોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશનમાં, તમે જિલ્લા અદાલત અથવા ઉચ્ચ અદાલત અથવા બંનેના કેસોનો ઉપયોગ કરવા માટે એપ્લિકેશનમાં ગોઠવણ કરી શકો છો. તે માટે, તમારે ચિહ્ન પર ક્લિક કરીને મેનૂ સૂચિમાંથી 'configure' વિકલ્પ પસંદ કરવાની જરૂર છે. તમે રેડિયો બટન "ઉચ્ચ અદાલત" પર ક્લિક કરીને ઉચ્ચ અદાલતની સેવાઓનો ઉપયોગ કરવા માટે તમારી મોબાઇલ એપ્લિકેશનને ગોઠવી શકો છો. તમે રેડિયો બટન "જિલ્લા અદાલત" પર ક્લિક કરીને જિલ્લા અદાલતની સેવાઓ મેળવવા માટે તમારી મોબાઇલ એપ્લિકેશનને ગોઠવી શકો છો. અને જો તમે ઉચ્ચ અદાલતો અને જિલ્લા અદાલતો, બન્નેની સેવાઓનો ઉપયોગ કરવા માંગતા હોવ, તો તમે રેડિયો બટન "બન્ને" પર ક્લિક કરી શકો છો.


**૩. છ ભારતીય ભાષાઓમાં ઈકોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશન (ટૂંક સમયમાં આવી રહી છે):**


ઈ–કોર્ટ્સ મોબાઈલ એપનું નવીનતમ સંસ્કરણ, જે પરીક્ષણ હેઠળ છે, તે અંગ્રેજી અને છ પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. છ પ્રાદેશિક ભાષાઓમાં ઈ–કોર્ટ્સ એપ્લિકેશનના સ્ક્રીનશોટ નિયમિત વપરાશકર્તાઓની ઉત્સુકતાને સંતુષ્ટ કરવા માટે અહીં ઉમેરવામાં આવ્યા છે. હિન્દી, મરાઠી, તમિલ, કન્નડ, ગુજરાતી, તેલુગુ

- હિન્દી
- કન્નડ
- મરાઠી
- ગુજરાતી
- તમિલ
- તેલુગુ

**૪. ઈકોર્ટ્સ સેવાઓ મોબાઈલ એપ્લિકેશનના જાણવા માટે જરૂરી એવા બેઝીક આઈકોન:**

| | |
|---|---|
| **૪.૧. સ્વાગત પૃષ્ઠ**<br><br>ઈકોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશનનું. |  |
| ૪.૨. મેનુ સૂચિ ચિહ્નો <br><br>જો તમે બતાવેલ ત્રણ–લાઈનનાં ચિહ્ન પર ક્લિક કરો છો, તો તે ઈકોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશનની સંપૂર્ણ મેનૂ સૂચિ બતાવશે. |  |
| ૪.૩. જિલ્લા અદાલત / ઉચ્ચ અદાલતના કેસની વિગતો:<br><br>તમે જિલ્લા અદાલત કેસ અથવા ઉચ્ચ અદાલત અથવા બંને માટે મોબાઇલ એપ્લિકેશનને ગોઠવી શકો છો. |  |
| **૪.૪. મુખ્ય મેનુ વિકલ્પો:**<br><br>i. સીએનઆર વડે શોધો; |  |

| | |
|---|---|
| ii કેસ સ્થિતિ (શોધો);<br><br>iii. કેસ સૂચિ;<br><br>iv. મારા કેસ વિકલ્પો. | |
| **૪.૫ સીએનઆર વડે શોધો:**<br><br>સીએનઆર ચિહ્નનો ઉપયોગ કરીને, તમે સીએનઆર નંબરથી કેસ સ્થિતિ શોધી શકો છો |  |
| **૪.૬ કેસ સ્થિતિ શોધવી:**<br><br>કેસ સ્થિતિ વિકલ્પનો ઉપયોગ કરીને નીચેના નવ શોધ વિકલ્પો દ્વારા કોઈ પણ વ્યક્તિ કેસની સ્થિતિ શોધી શકે છે.<br><br>**કેસ નંબર**<br><br>**પક્ષકારનું નામ**<br><br>**ફાઇલિંગ નંબર**<br><br>**એફ.આઈ.આર.**<br><br>**વકીલ**<br><br>**અધિનિયમ** |  |


| | |
|---|---|
| **કેસ પ્રકાર**<br><br>**કેવિયેટ**<br><br>**પૂર્વ ટ્રાયલ અરજી** | |
| **૪.૭. કેસ–સૂચિ:**<br><br>આ ચિહ્નનો ઉપયોગ કરીને, કોઈપણ વ્યક્તિ કોઈપણ કોર્ટની કેસ–સૂચિ જોઈ શકે છે. |  |
| **૪.૮. મારા કેસ:**<br><br>તમે "મારા કેસ" વિકલ્પ હેઠળ કેસની તમારી અંગત સૂચિને સાચવી શકો છો. |  |
| **૪.૯. મારા કેસ તારીખ / જિલ્લા વાર:**<br><br>મારા કેસ તારીખ / જિલ્લા વાર બે સ્થિતિમાં એમ બે પ્રકારે દર્શિત થાય છે. તમે ઇચ્છો તે કોઈપણ પ્રદર્શન માધ્યમ પસંદ કરી શકો છો. |  |
| **૪.૧૦. કેલેન્ડર વિકલ્પ:**<br><br>કેલેન્ડર વિકલ્પ કેલેન્ડર સ્વરૂપમાં કેસ પ્રદર્શિત કરે છે. |  |

<table>
<tr>
<td>

**૪.૧૧ રીફ્રેશ બટન:**

આ ચિહ્નને ક્લિક કરતાં, તે માહિતીને અપડેટ કરશે.

</td>
<td>



</td>
</tr>
<tr>
<td>

**૪.૧૨. મારા કેસો હેઠળ શોધ વિકલ્પ:**

મારા કેસ હેઠળનું સર્ચ બોક્ષ તમારી 'મારા કેસની સૂચિ' માં તમને શોધવામાં મદદ કરશે.

</td>
<td>




</td>
</tr>
<tr>
<td>

**૪.૧૩. ક્યૂઆર કોડ:**

ક્યૂઆર કોડ, દરેક કેસ માટે મોબાઇલ એપ્લિકેશનમાં કેસના ઇતિહાસ હેઠળ એક ચોક્કસ કેસ ઉપલબ્ધ છે.

</td>
<td>





</td>
</tr>
<tr>
<td>

**૪.૧૪. QR કોડ સ્કેન કરો –**

મોબાઇલ ફોનથી મળતો ક્યૂઆર કોડ કેસના બંડલમાં ચોંટાડી શકાય છે, અને કોઈ ચોક્કસ કેસની સ્થિતિ જાણવા મોબાઇલ એપ્લિકેશનમાં સ્કેન ક્યુઆર કોડ વિકલ્પનો ઉપયોગ કરીને તેને સરળતાથી સ્કેન કરી શકાય છે.

</td>
<td>




</td>
</tr>
</table>

### ૪.૧૫. આઈએ વિગતો:

જો સંબંધિત કોર્ટે વિગતો દાખલ કરેલ હોય, તો કેસના ઈતિહાસ હેઠળ આઈ.એ. વિગતો મેળવી શકાય છે.

IA Details

| IA Number | Party | Date of Filing | Next Date | IA Status |
|---|---|---|---|---|
| IA/1/2019 | XXXXXXX XXXXXXX | 24-01-2019 | 28-05-2020 | Pending |

### ૪.૧૬. તબદીલી વિગતો:

કોઈ કેસની એક કોર્ટથી બીજી કોર્ટમાં તબદીલીની વિગતો મોબાઈલ દ્વારા મેળવી શકાય છે.

Case Transfer Details Between The Courts

| Transfer Date | From Court No. and Judge | To Court No. and Judge |
|---|---|---|
| 17-07-2018 | 15 - District Judge-13 and Addl Sessions Judge Abad | 21 - Adhoc District Judge-5 Asst Sessions Judge Abad |

### ૪.૧૭. તાબાની અદાલતની માહિતી:

અપીલના કિસ્સામાં, તાબાની અદાલતની માહિતી ઉપલબ્ધ છે.

Subordinate Court Information

Subordinate Court Information

| | |
|---|---|
| Court No. and Name | 5th Jt. Civil Judge J.D. J.M.F.C. Aurangabad |
| Case No. and Year | - 0000353 - 2014 |
| Case Decision Date | 14-11-2016 |

### ૪.૧૮ કેસનો ઈતિહાસ

કેસના ઈતિહાસ હેઠળ, વ્યક્તિ નીચેના શિર્ષક હેઠળ કેસની સંપૂર્ણ વિગતો મેળવી શકે છે:

- કેસ વિગતો;
- કેસની સ્થિતિ,
- ક્યૂઆર કોડ,
- અરજદાર અને વકીલો
- સામાવાળાઓ અને વકીલો
- અધિનિયમો
- કેસની સુનાવણીનો ઈતિહાસ
- અંતિમ હુકમ / ચુકાદા




## ૫. ઈ–કોર્ટ્સ સેવાઓ મોબાઈલ એપ્લિકેશન દ્વારા કેસનો સંપૂર્ણ ઈતિહાસ મેળવો


Case Details
Case Type AS
Filing Number 1/2015
Filing Date 10-08-2009
Registration Number 1/2015
Registration Date 10-08-2009
CNR Number TNTI160002622015
Case Status
First Hearing Date 11-01-2017
Decision Date 11-01-2017
Case status CASE DISPOSED
Nature of Disposal Contested--Dismissed
Court No and Judge 2-Subordinate Judge, Avinashi
QR Code
Case Details
Case Status
QR Code
Petitioner and Advocate
Respondent and Advocate
Acts
History of Case Hearing
Final Orders/Judgements
Petitioner and Advocate
1) Pressident@Kadambadi Inoothy Vagai Kongu Chettiar Dharmaparibalana Sabai,
Advocate - Chinnasamy A C
Respondent and Advocate
1) The District Collector, Coimbatore
Advocate - S.Ruban
2) The Revenue Authority and Additional Collector, Coimbatore
Advocate -S.Ruban
Acts
Under Act(s) Under Section(s)
CodeofCivilProcedure O41R1&2
History of Case Hearing
Judge Business On Date Hearing Date Purpose of hearing
Subordinate Judge, Avinashi 11-01-2017 Disposed
Final Orders/Judgements
Order No. Order Date Order Details.
1 11-01-2017 Judgement
display_pdf.pdf
In the Court of the Sub Judge, Avinashi
Sub Judge , Avinashi
A.S. No.01/2015
Between:
eCourts India
eCourts Services
View Business
Daily Status
In The Court Of :Subordinate Judge, Avinashi
CNR No. :TNTI160002622015
Case No. :AS/0000001/2015
Pressident@Kadambadi Inoothy Vagai Kongu Chettiar Dharmaparibalana Sabai, Versus The District Collector, Coimbatore
Date :11-01-2017
Presentee : Pressident@Kadambadi Inoothy Vagai Kongu Chettiar Dharmaparibalana Sabai

## 6. <u>કેસ શોધવા માટેના વિકલ્પોઃ</u>

ઈકોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશન હેઠળ બે મુખ્ય શોધ મેનૂ છેઃ

(I) સીએનઆર વડે શોધો;

(ii) કેસની સ્થિતિ (શોધો);

ચાલો, આપણે અહીં એક પછી એક જોઈએ.

## ૭. <u>સીએનઆર નંબરનો ઉપયોગ કરીને કેસ શોધોઃ</u>




સીએનઆર નંબર દ્વારા શોધ એ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને તમારા ફોનમાં કેસની વિગતો મેળવવાની સૌથી ઝડપી રીત છે. શું તમે જાણવા માગો છો, કે સી.એન.આર. નંબર શું છે, તો આગળ વાંચતા રહો.

### ૭.૧. <u>સીએનઆર નંબર શું છે</u>:

સીએનઆર એટલે કેસ નંબર રેકોર્ડ. સીએનઆર એ ૧૬ અંકનો એક યુનિક નંબર છે જે દરેક કેસને આપવામાં આવે છે. ટૂંકમાં કહીએ તો, તે એક યુનિક કેસ

ઓળખ નંબર છે, જેના દ્વારા કોઈ પણ કેસને ઓળખી શકાય છે. કેસ ઈન્ફોર્મેશન સિસ્ટમ દ્વારા દાખલ દરેક કેસ માટે સી.એન.આર. આપવામાં આવે છે. તે ટ્રેનની ટિકિટમાં વપરાતાં પી.એન.આર. નંબર જેવું જ છે. કોઈપણ વ્યક્તિ સીએનઆર નંબર કે ૧૬ અંકનો યુનિક નંબર છે, તેનાથી ઉચ્ચ અદાલત અને જિલ્લા અદાલતમાં ચાલતો તેનો કેસ શોધી શકે છે.

| | |
|---|---|
| સીએનઆરમાં (16 અંકો) સામેલ છેઃ<br><br>(રાજ્ય કોડ) (જિલ્લા કોડ) (મહેકમ<br><br>કોડ) (કેસ ફાઈલિંગ નંબર) (ફાઈલિંગ વર્ષ) | (જેકે) (એએન) (01) (000638)<br><br>(2017) |

સ્પષ્ટ સમજ માટે વિવિધ રાજ્યો (પંજાબ, મેઘાલય, તામિલનાડુ) ના સી.એન.આર. નંબરના ઉદાહરણ અહીં આપેલ છે.

| CNR Number | PBJL01-015294-2016 | MLSH04-000548-2017 | TNSA06-000398-2017 |
|---|---|---|---|
| State code (2 digits) | PB (Punjab) | ML (Megalaya ) | TN (Tamil Nadu) |
| District Code (2 digits) | JL (Jalandar) | SH (East Khasi district) | SA (Salem district) |
| Establishment Code (2 digits) | (01) (District and sessionscourt Establishment) | 04 (Chief Judicial Magistrate Establishment) | 05 (Principal District Munsif Establishment) |
| Case filing number (6 digits) | 014824 (Case number) | 000548 (Case Number) | 000470 (Case Number) |
| Filing year (4 digits) | 2015 (Filing Year) | 2017 (Filing Year) | 2017 (Filing Year) |
| Total (16digit) (State code) (District code) (Establishment code) (Case filing number) (Filing year) | (PB)(JL)(01) (014824)(2015) (Total 16 digits) | (ML)(SH)(04) (000548)(2017) (Total 16 digits) | (TN)(SA)(05) (000470)(2017) (Total 16 digits) |

## ૭.૨. <u>તમારો સીએનઆર નંબર કેવી રીતે જાણો</u>:

પક્ષકારો/વકીલો અથવા કોઈપણ વ્યક્તિ બે પ્રકારે પ્રત્યેક કેસ માટે સી.એન.આર. મેળવી શકે છેઃ

(i) ઈકોર્ટ્સ સેવાઓ મોબાઇલ એપ્લિકેશનમાંથી;

(ii) ઈ–કોર્ટ્સ સેવાની વેબસાઇટ લિંકથી.

## ૭.૩ <u>ઈ–કોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશનથી સીએનઆર નંબર કેવી રીતે મેળવવો:</u>

સી.એન.આર. નંબર મેળવવા માટે, તમારી પાસે કોઇ જિલ્લો, અદાલતનું નામ અને

કોઈપણ એક વિગત જેમ કે કેસ નંબર અથવા ફાઈલિંગ નંબર અથવા પાર્ટીઓનું નામ વિગેરે




વિગતો હોવી જોઈએ. ચાલો, આપણે તબક્કાવાર પ્રક્રિયા દ્વારા કેવી રીતે ઈ–કોર્ટ્સ મોબાઈલમાંથી કેસ નંબરનો ઉપયોગ કરી મોબાઈલ એપ્લિકેશનમાંથી સી.એન.આર. નંબર મેળવી શકીએ, તે જોઈએ. ઉદાહરણ: સબ કોર્ટ, અવિનાશી, તિરુપ્પુર જિલ્લો, તામિલનાડુના ઓએસ ૫૦/૨૦૧૭ માટે સીએનઆર નંબર કેવી રીતે શોધવો .

**<u>પગલું:૧–</u>** ઈ–કોર્ટ્સ સેવાઓ મોબાઈલ એપ્લિકેશન પર જાઓ.

**<u>પગલું:૨–</u>** મુખ્ય મેનુમાંથી કેસ સ્થિતિ પસંદ કરો.

**<u>પગલું:3–</u>**

- ➢ કેસ સ્થિતિ ક્લિક કરો
- ➢ રાજ્ય, જિલ્લો– પસંદ કરો
- ➢ કેસ નંબર વિકલ્પ પસંદ કરો
- ➢ કેસ પ્રકાર પસંદ કરો



<table>
<tr>
<td>

- કેસ નંબર ભરો
- વર્ષ દાખલ કરો
- 'જાઓ' પર ક્લિક કરો
- કોર્ટના નામ પર ક્લિક કરો ત્યારબાદ કેસની વિગતો દેખાશે.
- કેસ નંબર (ઓએસ/૫૦/૨૦૧૭) જે રેખાંકિત છે અને વાદળી રંગમાં બતાવવામાં આવ્યું છે,તેની પર ક્લિક કરો
- કેસની વિગતો સીએનઆર નંબર સાથે દેખાશે.
- તૈયાર સંદર્ભ માટે પગલાંઓનાં સ્ક્રીનશોટ અહીં ઉમેરવામાં આવ્યાં છે

</td>
<td>



Case History
Sub Court,Avinashi

| Case Details | |
|---|---|
| Case Type | OS |
| Filing Number | 50/2017 |
| Filing Date | 24-06-2009 |
| Registration Number | 50/2017 |
| Registration Date | 24-06-2009 |
| CNR Number | TNTI160001902017 |

</td>
</tr>
</table>

## ૭.૪ **<u>સીએનઆર નંબરનો ઉપયોગ કરીને કેસો કેવી રીતે શોધવા</u>**

ચાલો, હવે જોઈએ કે સીએનઆર નંબરનો ઉપયોગ કરીને શોધ કેસની સ્થિતિ કેવી રીતે મેળવી શકાય.

**પગલું:૧–** મોબાઈલ એપ્લિકેશન પર સી.એન.આર. ચિહ્ન પર ક્લિક કરો

**પગલું:૨–** સીએનઆર નંબર દાખલ કરો


**પગલું:૩–** શોધ બટનને ક્લિક કરો

**પગલું:૪–** કેસ ઈતિહાસ દર્શાવે છે • કેસની વિગતો • કેસની સ્થિતિ • અરજદાર અને એડવોકેટની વિગતો • પ્રતિવાદી અને એડવોકેટ વિગતો • કાયદાની વિગતો • એફઆઈઆર વિગતો કેસની સુનાવણીનો ઈતિહાસ અંતિમ આદેશો / ચૂકાદા

**પગલું:૫–** શિર્ષક "કેસ વિગતો" પર ક્લિક કરો.

**પગલું:૬–** તે સીએનઆર નંબર સહિતના કેસની વિગતો બતાવશે.

(પગલાં:૧ થી ૬નાં સ્ક્રીનશોટ સંદર્ભ માટે અહીં બતાવ્યા છે)




## ૮. કેસની સ્થિતિ શોધો: વિવિધ વિકલ્પોનાં ઉપયોગ દ્વારા.

સાત જાણીતા વિકલ્પો સાથે તમારી કેસની સ્થિતિ શોધો.

(i) કેસ નંબર

(ii) ફાઈલિંગ નંબર

(iii) વકીલ

(iv) કેસ પ્રકાર


(v) પક્ષકારનું નામ

(vi) એફઆઈઆર નંબર

(vii) અધિનિયમ

(viii)પૂર્વ ટ્રાયલ અરજી

(ix) કેવિયેટ.




જો કોઈ વ્યક્તિ સી.એન.આર. નંબર જાણતો નથી, તો પછી ઉપરોક્ત કોઈ પણ વિકલ્પનો ઉપયોગ કરીને શોધી શકાય છે. ચાલો, હવે કેસ સ્થિતી એટલે કે કેસ નંબર વિકલ્પનો ઉપયોગ કરીને હેઠળ પ્રથમ વિકલ્પ જોઈએ.

મોબાઈલ એપ્લિકેશન પર કેસ સ્ટેટસ પર ક્લિક કરો -> રાજ્ય, જિલ્લો પસંદ કરો ->

ક્લિક કરો

કોઈપણ વિકલ્પોમાંથી -> ફોર્મ ખુલશે -> ભરો

વિગતો -> કેસની સૂચિ પ્રદર્શિત થાય છે -> જો કેસ નંબર છે

ક્લિક કર્યું તે કેસના ઈતિહાસમાં વધુ વિસ્તૃત થશે -> જે શીર્ષક પર ક્લિક કરતાં

વધુ વિગતો ખુલશે.

## ૮.૧ કેસ નંબર વિકલ્પનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ જોવી

ચાલો, હવે કેસ સ્થિતિ હેઠળ પ્રથમ વિકલ્પ જોઈએ, એટલે કે મોબાઇલ એપ્લિકેશનના કેસ નંબર વિકલ્પ "ઈ-કોર્ટ્સ સેવાઓ" નો ઉપયોગ

પગલું:૧– ઈ–કોર્ટ્સ મેનૂમાંથી કેસની સ્થિતિ ક્લિક કરો




પગલું:૨– રાજ્ય અને જિલ્લા પસંદ કરો

પગલું:૩– કેસ નંબર વિકલ્પ પર ક્લિક કરો


પગલું:૪– જ્યારે તમે કેસ નંબર વિકલ્પને ક્લિક કરો છો, તે અહીં બતાવ્યા પ્રમાણે ફોર્મ ખોલશે અને વિગતો ભરી શકાશે.

- કોર્ટ સંકુલ
- કેસ પ્રકાર
- કેસ નંબર
- વર્ષ

પગલું:૫– વિગતો ભર્યા પછી 'જાઓ' પર ક્લિક કરો

પગલું:૬– કેસની કુલ સંખ્યા પ્રદર્શિત થાય છે

પગલું:૭– કેસ પર ક્લિક કરતાં આગળના મેનુ ખુલશે.




(i) કેસ વિગત

(ii) કેસ સ્થિતિ

(iii) અરજદાર અને વકીલ

(iv) સામાવાળા અને વકીલ

(v) અધિનિયમો

(vi) એફઆઈઆર વિગતો

(vii) તાબાની અદાલતની માહિતી

(viii) કેસ સુનાવણીનો ઈતિહાસ


(ix) વચગાળાના ઓર્ડર

(x) અંતિમ હુકમ / ચુકાદો

* દરેક વખતે જ્યારે કેસ સ્ટેટસ વિકલ્પનો ઉપયોગ કરો ત્યારે ખાતરી કરો કે રાજ્ય, જિલ્લાની પસંદગી કરવામાં આવી છે.

## ૮.૨ ફાઈલિંગ નંબર વિકલ્પનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ જોવી:

કેસની સ્થિતિમાં ઉપલબ્ધ બીજો વિકલ્પ ફાઈલિંગ નંબરનો ઉપયોગ છે.




## ૮.૩. <u>વકીલ વિકલ્પનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ જોવી:</u>

આ શોધ વિકલ્પ કોઈપણ વકીલ માટે ડિજિટલ કારકુન છે કારણ કે તે કારકુનનું મોટાભાગનું કાર્ય કરે છે. ઉદાહરણ તરીકે, આ વિકલ્પ બતાવશે કે વકીલના નામે બધી અદાલતોમાં કેટલા કેસ પેન્ડિંગ છે; કઈ ચોક્કસ તારીખે કેસ નોંધાયેલા છે; અને કેસનો તબક્કો શું છે તે તેમના મોબાઈલમાં ૨૪ x ૭ બતાવશે. વકીલ આ શોધ વિકલ્પનો ઉપયોગ નીચેના ત્રણ વિકલ્પો હેઠળ કરી શકે છે


(I) વકીલનાં નામનો ઉપયોગ કરીને શોધો

(ii) બાર કોડ નંબરનો ઉપયોગ કરીને શોધો

(iii) કોઈ ખાસ એડવોકેટના કેસ શોધો

તારીખ કેસ સૂચિનો ઉપયોગ કરીને ચોક્કસ દિવસે સૂચિબદ્ધ

**૮.૩.૧ વકીલશ્રીના નામ દ્વારા શોધ કરો:**




જો કોઈ વકીલને તેના નામે કેટલા કેસો પેન્ડિંગ છે અથવા તેના નામે કેટલા કેસોનો નિકાલ થયેલ છે તે જાણવું હોય, તો તે બધા આ 'વકીલનું નામ' વિકલ્પનો ઉપયોગ કરીને મેળવી શકાય છે.

ઉદાહરણ તરીકે, અહીં બતાવેલા સ્ક્રીનશોટમાં વકીલ નામની શોધ “રાજપ્પા” દ્વારા તમિલનાડુના થંજાવરમાં ૧૩ બાકી કેસ બતાવવામાં આવે છે અને તે

કેટલા કેસો પેન્ડિંગ છે તે કોર્ટ મુજબ બતાવે છે. જો નંબર ક્લિક કરવામાં આવે, તો તે સંપૂર્ણ સૂચિ બતાવશે, જે કેસ ઈતિહાસ સાથે ખુલશે.

## ૮.૩.૨. બારકોડનો ઉપયોગ કરીને શોધો:

વકીલ બારકોડનો ઉપયોગ કરીને કોઈ વ્યક્તિ શોધ કરી શકે છે. તે જિલ્લામાં તમામ મથકો માટે પડતર અને નિકાલ બંને કેસ પ્રદર્શિત કરશે. ઉદાહરણ તરીકે, ઝારખંડ એડવોકેટ કોડની શોધમાં એડવોકેટ હુસેન હાયકલના નામે કુલ ૧૩૧ કેસ બતાવવામાં આવ્યા છે.

## ૮.૩.૩ તારીખ કેસ સૂચિનો ઉપયોગ કરીને શોધો (વકીલ કેસયાદી)

જો કોઈ વકીલ પોતાનું નામ મુજબની કેસસૂચિ જાણવા માંગે છે, એટલે કે તેના નામે કોઈ ચોક્કસ તારીખે કોર્ટમાં કેટલા કેસ આવે છે, તો આ તારીખ કેસની સૂચિનો વિકલ્પ વાપરી શકાય છે અને વકીલ કેસ–સૂચિ જોઇ શકાય છે. વકીલ કેસસૂચિનો ફાયદો એ છે કે તે કેસના તબક્કાની સાથે ચોક્કસ તારીખે સૂચિબદ્ધ કેસ બતાવશે.





## ૮.૪ <u>કેસ પ્રકાર વિકલ્પનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ જોવી:</u>

કેસ પ્રકાર પર ક્લિક કરો –> કેસ પ્રકાર વિકલ્પ ક્લિક કરો –> કોર્ટ સંકુલ વિકલ્પ પસંદ કરો–> કેસ પ્રકાર પસંદ કરો –> વર્ષ ભરો –> બાકી / નિકાલ માટે રેડિયો બટન પસંદ કરો –> જાઓ ક્લિક કરો –> પછી પસંદ કરેલા કેસો કેસ પ્રકાર પ્રદર્શિત થાય છે –> કેસ નંબર

પર ક્લિક કરવાથી તે કેસના ઇતિહાસને વધુ ખુલશે –> જો આપણે હેડિંગ્સ પર ક્લિક કરીએ તો તે વધુ વિગતોમાં વિસ્તૃત થશે

અહીં સ્ક્રીનશોટમાં કેસનો પ્રકાર "અપીલ્સ" પસંદ કરેલ છે તેથી અપીલ દાવો–એએસ સૂચિમાં બતાવવામાં આવેલ છે. એ જ રીતે, કોઈપણ કેસ પ્રકાર પસંદ કરીને, તમે કેસ પ્રકાર મુજબની સૂચિ મેળવી શકો છો.







Sub Court,Avinashi : 49

| Sr.No | Case Number | Party Name |
|---|---|---|
| 1 | AS/57/2018 | Rajan nagar welfare Society vs SUBRAMANIAM |
| 2 | AS/56/2018 | Chinnasamy vs Deivasigamani(Died) |
| 3 | AS/55/2018 | Ramasamy gounder (DIED) vs Karuppa gounder (DIED) |
| 4 | AS/54/2018 | Kesavamorthy vs Ruckmani |
| 5 | AS/53/2018 | Poovathal vs Kumarasamy gounder |

## ૮.૫ પક્ષકાર વિકલ્પનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ જોવી:




કેસની સ્થિતિ પર ક્લિક કરો –> રાજ્ય, જિલ્લા– પસંદ કરો

પક્ષકાર વિકલ્પને ક્લિક કરો

–> કોર્ટ સંકુલ પસંદ કરો

–> અરજદાર / પ્રતિવાદી નામ પસંદ કરો

–> વર્ષ ભરો

પડતર / નિકાલ / બંને માટે રેડિયો બટન પસંદ કરો જાઓ પર ક્લિક કરો –> પછી પક્ષકારના નામ સાથેના કેસોની સંખ્યા બતાવવામાં આવશે → ત્યારબાદ જરૂરી કેસ નંબર પર ક્લિક કરો કેસનો ઈતિહાસ પ્રદર્શિત થશે.

બતાવેલા સ્ક્રીનશોટમાં પક્ષકારનું નામ “રંગસ્વામી” નો ઉપયોગ શોધ માટે કરવામાં આવ્યો હતો અને “રંગસ્વામી” નામના કેસ પ્રદર્શિત થયા છે. તેવી જ રીતે, તમે પક્ષકાર નામ શોધ વિકલ્પનો ઉપયોગ કરીને કેસ શોધી શકો છો

## ૮.૬ **એફઆઈઆર નંબરનો ઉપયોગ કરીને શોધો:**


કેસની સ્થિતિ પર ક્લિક કરો -> રાજ્ય, જિલ્લા– પસંદ કરો

-> એફઆઈઆર નંબર વિકલ્પ પર ક્લિક કરો -> કોર્ટ સંકુલ પસંદ કરો

-> પોલીસ સ્ટેશન પસંદ કરો -> એન્ટર દબાવો


એફઆઈઆર નંબર અને વર્ષ પસંદ કરો -> પડતર / નિકાલ / બંને માટે રેડિયો બટન -> ક્લિક કરો

જાઓ -> પછી એફઆઈઆર નંબર સાથેનો કેસ પ્રદર્શિત થશે -> કેસ નંબર પર ક્લિક કરતાં કેસનો ઈતિહાસ ખુલશે



## ૮.૭ <u>અધિનિયમ દ્વારા શોધો:</u>

કેસની સ્થિતિને ક્લિક કરો
–> રાજ્ય, જિલ્લા– પસંદ કરો
–> અધિનિયમ વિકલ્પને ક્લિક કરો
–––> કોર્ટ સંકુલ પસંદ કરો–>
શોધ અધિનિયમ / પસંદ કરો અધિનિયમ–
કલમ દાખલ કરો →
પડતર/ નિકાલ માટે રેડિયો બટન પસંદ કરો →
જાઓ પર ક્લિક કરો –>
ત્યારબાદ અધિનિયમ પ્રકાર
સાથે કેસ પ્રદર્શિત થાય છે.







Chief Judicial Magistrate : 3

| Sr.No | Case Number | Party Name |
|---|---|---|
| 1 | GR/1544/2020 | State of Jharkhand vs DIPAK SAHIS |
| 2 | GR/1443/2019 | State of Jharkhand vs JITENDRA PASWAN |
| 3 | GR/1387/2014 | State of Jharkhand vs Nipenn bhandari |

District And Sessions Court : 10




## ૮.૮ <u>પ્રિ–ટ્રાયલ અરજી:</u>

પોલીસ સ્ટેશન પસંદ કરો.

રિમાન્ડ /જામીન / અરજી માટે એફઆઈઆર નંબર અને વર્ષ ભરો.

## ૮.૯ <u>કેવિયેટ:</u>

કેવિયેટ દ્વારા પણ શોધ કરી શકાય છે.

કેસની સ્થિતિ પર ક્લિક કરો →
રાજ્ય, જિલ્લા પસંદ કરો →
કેવિયેટ વિકલ્પ ક્લિક કરો --->
કોર્ટ સંકુલક પસંદ કરો->
શોધ પ્રકાર પસંદ કરો–
કેવિયેટરનું નામ દાખલ કરો
કેવિયેટીનું નામ દાખલ કરો->
જાઓ પર ક્લિક કરો ->
પછી કેવિયેટ શોધ વિગતો દર્શાવવામાં આવશે →
– જે આગળ ક્લિક કરી શકાય છે અને
જે સંપૂર્ણ વિગતો પ્રદર્શિત કરશે.







## ૯. <u>ઈકોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશન દ્વારા કેસસૂચિ મેળવવું:</u>

મોબાઈલ એપ્લિકેશનમાં વકીલો, પક્ષકારો અને ન્યાયાધીશો માટે 'કેસસૂચિ મેળવો' એ સમાન ઉપયોગી વિકલ્પ છે. ત્રણ પ્રકારની કેસસૂચિ (i) કોઈપણ

અદાલતની દિવાની કેસસૂચિ (ii) કોઈપણ અદાલતની ફોજદારી કેસસૂચિ (iii) વકીલ પ્રમાણે કેસસૂચિ, ઇ–કોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશન હેઠળ જનરેટ કરી શકાય છે.

દિવાની કેસસૂચિ અને ફોજદારી કેસસૂચિ આ "કેસસૂચિ" વિકલ્પ હેઠળ જોઇ શકાય છે. કેસની સ્થિતિની શોધ હેઠળ ઉપલબ્ધ વકીલ વિકલ્પ દ્વારા એડવોકેટ મુજબની કેસસૂચિ જોઈ શકાય છે, જેને “કેસની સ્થિતિનો ઉપયોગ કરીને શોધ કરો વિકલ્પ” વિષય હેઠળ સમજાવાયેલ છે. કેસસૂચિ વિકલ્પનો ઉપયોગ કરીને, કોઈ વ્યક્તિ ખાત્રી કરી શકે છે કે તેનો કેસ કોઈ મુદ્દત પર મૂકવામાં આવ્યો છે કે કેમ. તે ન્યાયાધીશો, કર્મચારીઓ, વકીલો માટે ઉપયોગી સમય વ્યવસ્થાપન સાધન છે, જેના દ્વારા કોઈ પણ વ્યક્તિ શોધી શકે છે કે કોઈ ચોક્કસ દિવસે કેટલા કેસો સૂચિબદ્ધ કરવામાં આવેલ છે અને તે દિવસનું કાર્ય આયોજિત કરી શકાય છે, અને આ ડેટા હવે હેન્ડસેટ્સમાં મોબાઇલ એપ્લિકેશન દ્વારા જોઈ શકાય છે.

૧. ક્લિક સૂચિ ચિહ્ન પર ક્લિક કરો.


૨. રાજ્ય, જિલ્લા– પસંદ કરો

૩.    કોર્ટ સંકુલ પસંદ કરો

૪.    કોર્ટનું નામ પસંદ કરો

૫.    કેલેન્ડરમાંથી કેસસૂચિ તારીખ પસંદ કરો


૬.    દિવાની અથવા ફોજદારી ક્લિક કરો, ત્યારબાદ દિવાની / ફોજદારી કેસસૂચિ પ્રદર્શિત થાય છે




૭.    કેસસૂચિમાં વિશેષ કેસોમાં સર્ચ બોક્ષનો ઉપયોગ કરીને શોધી શકાય છે.

## ૧૦.    <u>મારા કેસ વિકલ્પ:</u>

મારા કેસનો વિકલ્પ વકીલ અને પક્ષકારો માટે સૌથી આકર્ષક અને ઉપયોગી વિકલ્પો છે, કારણ કે તે ડિજિટલ પર્સનલ કેસ ડાયરી તરીકે કામ કરે છે. તે ઇ–કોર્ટ્સ એપ્લિકેશનમાં ઉપલબ્ધ એક વિશિષ્ટ સુવિધા છે. પક્ષકારોની કે વકીલ તેના કેસોને મારા કેસ હેઠળ સેવ અને સ્ટોર કરી શકે છે અને જ્યારે જરૂર હોય ત્યારે વિગતો




જોઈ શકે છે.

## ૧૦.૧ <u>મારા કેસમાં કેસ કેવી રીતે ઉમેરવા:</u>




જો તમે "મારા કેસ" સૂચિમાં કેસ ઉમેરવા માંગતા હોવ તો આ પગલાંને અનુસરો

i તમે ઈ-કોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને મારા કેસોમાં જે કેસ ઉમેરવા માંગો છો તે કેસ શોધો.

ii અહીંના સ્ક્રીનશોટમાં બતાવ્યા પ્રમાણે, "કેસ ઉમેરો" બટન શોધેલા કેસના ઈતિહાસની ટોચની જમણી બાજુ પર પ્રદર્શિત થશે.

iii "કેસો ઉમેરો" ને ક્લિક કરો કે જે તમારી "મારા કેસની સૂચિ" માં કેસ ઉમેરશે.

વકીલ અથવા વકીલ ક્લાર્ક 'મારા કેસ' માં તેમની ઓફિસના તમામ કેસ ઉમેરી શકે છે અને ઓફિસના કેસોની ડિજિટલ ડાયરી જાળવી શકે છે અને 'મારા કેસ' વિકલ્પનો ઉપયોગ કરીને કેસ અપડેટ અને સ્થિતિ મેળવી શકે છે. વરિષ્ઠ વકીલ માત્ર અગત્યના કેસો ઉમેરી શકે છે અને જુનિયર અથવા એડવોકેટ કારકુની સહાયક વિના કેસની સ્થિતિનો ખ્યાલ રાખી શકે છે અને કેસની સ્થિતિ ૨૪ x ૭ જોઈ શકે છે. પક્ષકારો મારા કેસ હેઠળ તેમના કેસો પણ ઉમેરી શકે છે. તેવી જ રીતે ફરિયાદી, કોર્ટ પોલીસ કોન્સ્ટેબલ, તપાસ અધિકારીઓ, સરકારી વકીલો પણ આ “મારા કેસ” સૂચિનો ઉપયોગ કરી શકે છે અને ૨૪ x ૭ તેના પર નજર રાખી શકે છે.

## ૧૦.૨મારા કેસોમાંથી કેસ કેવી રીતે દૂર કરવા:




“મારા કેસ” માંથી કેસ દૂર કરવા માટે, મારા કેસ દ્વારા કેસ ઓપન કરવાં, પછી તે કેસ સ્ક્રીનશોટમાં બતાવ્યા પ્રમાણે જમણી બાજુની ટોચ પર “કેસ દૂર કરો” વિકલ્પ પ્રદર્શિત કરશે. જો કેસ દુર કરવાનો વિકલ્પ ક્લિક કરવામાં આવે, તો તે કેસને મારા કેસની સૂચિમાંથી દૂર કરશે.

## ૧૦.3 મારા કેસમાં શોધ:




જ્યારે "મારા કેસ" હેઠળ ઘણાબધાં કેસ હોય ત્યારે તે "મારા કેસ" ની અંદર ઉપલબ્ધ શોધ વિકલ્પનો ઉપયોગ કરીને શોધી શકાય છે. તમે શોધ ટેબમાં ટાઈપ કરીને તમારા નામથી, નંબર મુજબ આ સાથે સ્ક્રીનશોટમાં બતાવ્યા પ્રમાણે, શોધ કરી શકો છો .

## ૧૦.૪ રીફ્રેશ બટન:





રિફ્રેશ બટન ક્લિક કરવામાં આવે તો તે "મારા કેસ" ને અપડેટ કરશે. મારા કેસ હેઠળ સંગ્રહિત માહિતીને સુધારવા માટે રિફ્રેશ બટન આજના કેસોની બાજુમાં આપવામાં આવ્યું છે. જો કોઈ કેસ કનેક્શન ઈસ્યુના કારણે અપડેટ થયેલ ન હોય અથવા રિફ્રેશ થયું ન હોય, તો એપ્લિકેશન આ માહિતીને "કનેક્શન એરર" તરીકે બતાવશે.

## ૧૦.૫ મારા કેસ – તારીખ / જિલ્લાવાર પ્રદર્શન વિકલ્પ:

ઈ–કોર્ટ્સ મોબાઈલ એપનું અપડેટ કરેલું વર્ઝન મારા કેસને તારીખ અને જિલ્લા વાર દર્શાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જ્યારે તમે તારીખ મુજબના વિકલ્પને ક્લિક કરો છો, ત્યારે તે તમામ કેસને તારીખ મુજબ પ્રદર્શિત કરશે. તે વકીલ અથવા વકીલ ક્લાર્ક માટે સરળ રહેશે, કેમ કે તે તેમના કેસોની ડિજિટલ ડાયરી છે. એ જ રીતે, જીલ્લા મુજબનું દૃશ્ય પણ ઉપલબ્ધ છે.

તારીખ અને જિલ્લા વારનો સ્ક્રિનશોટ અહીં બતાવવામાં આવેલ છે, અને જ્યારે કેસ નંબર ક્લિક કરવામાં આવે છે, ત્યારે તે મારા કેસમાં કેસ શોધ વિકલ્પનો આખો ઇતિહાસ ખોલશે.





## ૧૦.૬ <u>કેલેન્ડર:</u>




મારા કેસ કેલેન્ડર ફોર્મેટમાં પણ જોઈ શકાય છે.

## ૧૧. <u>બેકઅપ સુવિધા:</u>




ઈકોર્ટ્સ મોબાઈલ, એક બેકઅપ સુવિધા પ્રદાન કરે છે, જે ઈકોર્ટ્સ એપ્લિકેશનની સૌથી વધુ માંગ ધરાવતી સુવિધા છે. નિકાસ અને આયાત વિકલ્પ હેઠળ મોબાઈલ ઉપકરણ પર સાચવેલા કેસનો બેકઅપ લઈ શકાય છે. જો તમે તમારા મોબાઈલ એપ્લિકેશનમાં ઘણા કેસો સાચવ્યા હોય અને જો તમે નવો મોબાઈલ ફોન લઈ રહ્યા હોવ, તો આ નિકાસ અને આયાત વિકલ્પનો ઉપયોગ કરી શકાય છે અને તેને નવા મોબાઈલ ફોન પર ડાઉનલોડ કરી શકાય છે.


મેનૂ બટનને ક્લિક કરીને, આ બેકઅપ વિકલ્પનો ઉપયોગ કરી શકાય છે. જ્યારે તમે ઉક્ત મેનૂ બટન ક્લિક કરો છો, ત્યારે મેનુ હેઠળ તે નિકાસ અને આયાત વિકલ્પ ઉપલબ્ધ છે, જે તૈયાર સંદર્ભ માટે અહીં સ્ક્રીનશોટમાં બતાવ્યા પ્રમાણે છે. ઓછામાં ઓછું એકવાર નિકાસ કરવું જરૂરી છે. મોબાઈલ અથવા ગૂગલ ડ્રાઈવમાં અથવા ઈમેઈલમાં નિયમિતપણે ડેટા રાખવા જરૂરી છે. જ્યારે તમારી પાસે ડેટા નિકાસ થાય છે,

ત્યારપછી જ તે જ્યારે જરૂર પડે ત્યારે આયાત કરી શકાય છે. ઉદાહરણ તરીકે, મોબાઇલ ફોન બદલતી વખતે અથવા આકસ્મિક ડેટા લોસ સમયે તેનો ઉપયોગ આયાત કરવા માટે થઈ શકે છે. જ્યાં સુધી તમે તમારો ડેટા નિકાસ ન કરો ત્યાં સુધી તમે તેનો ઉપયોગ આયાત માટે કરી શકતા નથી.


## ૧૧.૧ <u>નિકાસ વિકલ્પ:</u>




મોબાઇલ એપ્લિકેશનમાં મેનૂ સૂચિ હેઠળ નિકાસ વિકલ્પ ઉપલબ્ધ છે. જ્યારે નિકાસ વિકલ્પ ક્લિક થાય છે, ત્યારે ફાઇલોને ક્યાં નિકાસ કરવી તે પૂછશે. તમે ઇમેઇલ દ્વારા તમારી ફાઇલોને નિકાસ અથવા શેર કરી શકો છો અથવા ગૂગલ ડ્રાઇવમાં સ્ટોર કરી શકો છો અથવા ફોનમાં જ સ્ટોર કરી શકો છો. ગૂગલ ડ્રાઇવમાં સ્ટોર કરતી વખતે, તમને ગૂગલ તરફથી સુરક્ષા પ્રશ્નો મળી શકે છે અને તમે એડમિટ ક્લિક કરી શકો છો જેમાં ગૂગલ ડ્રાઇવમાં બેકઅપ સ્ટોર કરવામાં આવશે. જ્યારે પણ જરૂરી હોય, ત્યારે ગૂગલ ડ્રાઇવમાંથી બેકઅપ મેળવી શકાય છે.




ફાઈલોના નિકાસ માટેના ત્રણ વિકલ્પો, એટલે કે (i) ઈમેઈલ સાથે શેર કરો; (ii) ડ્રાઇવ પર સાચવો (ગૂગલ); (iii) આ ઉપકરણમાં સાચવો, એટલે કે મોબાઇલ ફોનમાં સેવ કરવું. સરળ સમજણ માટે સ્ક્રીનશોટમાં બતાવવામાં આવ્યું છે. ત્રણમાંથી કોઈપણ વિકલ્પનો ઉપયોગ કરીને, તમે તમારા મોબાઇલ એપ્લિકેશનનો સંગ્રહિત ડેટા નિકાસ કરી શકો છો અને તેને ટેક્સ્ટ ફાઇલ ફોર્મેટમાં સાચવી શકો છો. એકવાર નિકાસ થઈ જાય, પછી આગળ બતાવ્યા પ્રમાણે, તમને મોબાઇલમાં "સફળતાપૂર્વક સાચવવામાં આવ્યું" એવી સૂચના મળશે. ઉક્ત ટેક્સ્ટ ફાઇલ મોબાઇલ સ્ટોરેજમાંથી મેળવી શકાય છે.



## ૧૧.૨. આયાત વિકલ્પ:




આયાત વિકલ્પ, ઈ–કોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશન વપરાશકર્તા દ્વારા સૌથી વધુ ઉપયોગમાં લેવાતી સુવિધા છે. જો તમે તમારો ફોન બદલવા માંગતા હોવ તો શું કરવું? અથવા જ્યારે તમારો ફોન ડેટા ક્રેશ થઈ જાય છે. તો પછી આયાત વિકલ્પ ફાયદાકારક છે. તમે આયાત વિકલ્પનો ઉપયોગ કરી શકો છો અને તમારા નવા ફોનમાં બેકઅપ ડેટા મેળવી શકો છો. જ્યારે ફોનમાંથી ભૂલથી ડેટા કાઢી નાખવામાં આવે, ત્યારે આયાત વિકલ્પનો ઉપયોગ કરી ડેટાને ફરીથી મેળવી શકાય છે.

તમે આયાત ચિહ્નને ક્લિક કરી શકો છો અને બે વિકલ્પોમાંથી ડેટા આયાત કરી શકો છો;

(i) ડ્રાઇવમાંથી આયાત કરો અને

(ii) આ ઉપકરણથી આયાત કરો.

અહીં આપેલ સ્ક્રીનશોટ "આયાત કરો" હેઠળના બે વિકલ્પો દર્શાવે છે. સલાહ આપવામાં આવે છે કે ઓછામાં ઓછું એકવાર તમે ગૂગલ ડ્રાઇવમાંથી બેકઅપ ડેટા આયાત કરો, ત્યારે ગૂગલ ડ્રાઇવ પરવાનગી માંગશે, અને તમે બટનને ડેટા આયાત કરવાની મંજૂરી આપી ક્લિક કરી શકો છો.

ઉક્ત સ્ક્રીનશોટ પણ આ સાથે સામેલ છે. એકવાર આયાતનો વિકલ્પ પૂર્ણ થઈ જાય, ત્યારે તમને 'કેસ સફળતાપૂર્વક આયાત કરવામાં આવેલ છે' એવો સૂચના સંદેશ મળશે. આમ, તમે આયાત વિકલ્પનો ઉપયોગ કરી શકો છો અને તમારા નવા મોબાઇલ ફોનમાં બેકઅપ ડેટા મેળવી શકો છો અથવા તમારા જૂના મોબાઇલ ફોનથી બેકઅપ ડેટાને પુનર્સ્થાપિત કરી શકો છો.

## ૧૨. ક્યૂઆર કોડનો ઉપયોગ કરીને કેસની સ્થિતિ મેળવવી:

ઈકોર્ટસ સર્વિસીસ મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરતી વખતે કેસની સ્થિતિ મેળવવા અથવા કેસની વિગતો ટાઈપ કરવા માટે દર વખતે કેસ અપડેટ્સ મેળવવા માંગતા હોય ત્યારે કેસ નંબર રેકોર્ડ (સીએનઆર) નંબર લખવામાં મુશ્કેલી પડે છે. ઈકોર્ટ્સ મોબાઈલમાં ક્યૂઆર કોડ સ્કેન વિકલ્પનો ઉપયોગ કરીને કેસની વિગતો મેળવવાની બીજી એક સરળ રીત છે.

### પગલું:૧– તમારા કેસનો ક્યૂઆર કોડ મેળવવો:

ઈકોર્ટ્સ સેવાઓ મોબાઈલ એપ્લિકેશનમાંથી કેસ ઈતિહાસ હેઠળ તમારા કેસ માટે ક્યૂઆર કોડ મેળવો. (અથવા)

ઈકોર્ટ્સ સેવાઓ વેબસાઇટ https://eCourts.gov.in માંથી પણ કેસ ઈતિહાસ હેઠળ તમારા કેસ માટે ક્યૂઆર કોડ મેળવી શકાય છે.

### પગલું:૨– ક્યૂઆર કોડનું પ્રિન્ટ આઉટ લો અને કેસ ડોકેટમાં ચોંટાડો:

કોઈ પણ વ્યક્તિ ક્યુઆર કોડનું પ્રિન્ટ આઉટ લઈ શકે છે અને તેને કેસ ફાઇલમાં ચોંટાડી શકે છે.




## <u>પગલું: 3– સ્કેન ક્યૂઆર કોડ:</u>

ઈ–કોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશનમાં ઈનબિલ્ટ “સ્કેન ક્યુઆર કોડ” વિકલ્પનો ઉપયોગ કરીને કોઈ પણ વ્યક્તિ કેસ ડોકેટ પર ચોંટાડેલો ક્યૂઆર કોડ સ્કેન કરી શકે છે, જે તુરંત જ કેસની સ્થિતિ બતાવશે. આ ક્યુઆર કોડ સ્કેનીંગ મોટી સંખ્યામાં કેસો ધરાવતાં વકીલ કાર્યાલય અને કંપની/સરકારી સંસ્થાઓ માટે ફાયદાકારક બની શકે છે. તેઓ ક્યૂઆર કોડનું પ્રિન્ટ આઉટ લઈ શકે છે અને તેને તેમની કેસ ફાઈલમાં ચોંટાડી શકે છે અને તેમની મોબાઈલ એપ્લિકેશન – સ્કેન ક્યુઆર કોડ વિકલ્પ સાથે સ્કેન કરી શકે છે અને એક પછી એક બધા પોઈન્ટ ફાઈલ કર્યા વિના

કેસની વિગતો તરત મેળવી શકે છે.

## ૧૩. <u>જ્યાં ઈન્ટરનેટ નથી ત્યાં એસએમએસ દ્વારા કેસની સ્થિતિ મેળવો:</u>

આપણા દેશમાં, આપણા લોકોમાંથી ૫૦% કરતા વધારે લોકો ઈન્ટરનેટ એક્સેસ ધરાવતાં નથી. ઈ–કમિટીના અધ્યક્ષ દ્વારા પુનરાવર્તિત કર્યા મુજબ, તકનીકી વિભાજનને નિવારવા માટે આપણી પાસે સંકલિત સિસ્ટમ હોવી જરૂરી છે અને આ સેવા એક એવી સુવિધા છે જે લોકોની જરૂરિયાત પૂરી કરે છે જેમની પાસે ઈન્ટરનેટ એક્સેસ નથી. જ્યારે તમારી પાસે ઈન્ટરનેટ કનેક્શન ન હોય, ત્યારે કોઈ એસએમએસ ઈકોર્ટ્સ <SPACE> <યોર સીએનઆર નંબર> પર ૯૭૬૬૮૯૯૮૯૯ ઉપર મોકલીને કેસની સ્થિતિ મેળવી શકે છે.








## ૧૪. <u>ઈકોર્ટ્સ સ્વંયસંચાલિત ઈમેઈલ સેવાઓ દ્વારા કેસની સ્થિતિ પ્રાપ્ત કરવી:</u>

સ્વયંસંચાલિત ઈમેઈલની સેવા ઈ–કોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશન માટે વિષય–સંદર્ભની બહાર છે, તેમ છતાં જો તમે તમારા મોબાઈલ ફોનમાં ઈમેઈલ્સ તપાસતાં હોવ તો, તે એક એવી સંબંધિત વિશેષતા છે કે તમે તમારા મોબાઈલ ફોનમાં તે એક્સેસ કરી શકાય છે. ઈકોર્ટ્સ સ્વયંસંચાલિત ઈમેઈલ સેવાઓ દ્વારા કેસની સ્થિતિ મેળવવા માટે, ઈકોર્ટ્સ પ્રોજેક્ટે તાજેતરમાં લોન્ચ થયેલ સ્વયંસંચાલિત ઈમેઈલ સેવાઓ દ્વારા પક્ષકારો અને વકીલોને ઈમેઈલ્સ મોકલવાનું શરૂ કર્યું છે. નોંધાયેલા વપરાશકર્તાઓને કેસ અપડેટ્સ, આગામી સુનાવણીની તારીખો, હુકમની, ચુકાદાઓની


અને કેસ–સૂચિની નકલો મળશે. આ આકર્ષક સ્વચાલિત ઈમેઈલ સેવાને સક્રિય કરવા માટે, પક્ષકારો અને વકીલોને સંબંધિત ઈમેઈલમાં તેમનો ઈમેઈલ નોંધણી કરાવી લેવો પડશે. તે દિવસ દૂર નથી જ્યારે ઘરમાં આરામથી બેઠાં કોર્ટમાંથી બધી પ્રમાણિત નકલો મેળવી શકશે.

## ૧૪.૧અવિનાશી સબ કોર્ટ તરફથી મોકલવામાં આવેલ ઈકોર્ટ્સ સ્વયંસંચાલિત ઈમેઇલ:

અવિનાશી સબ કોર્ટમાં પ્રેક્ટિસ કરતી એક વકીલ એક દિવસ આવી અને ખુશીથી કેસની સૂચિ સંબંધિત સ્વયંસંચાલિત ઈમેઇલ પ્રાપ્ત થતાં તેણીની ઉત્તેજના અને આશ્ચર્યને શેર કર્યું. તે અહીં વાચકો માટે પ્રસ્તુત છે. તે દિવસ દૂર નથી જ્યારે ઘરમાં આરામથી બેઠાં કોર્ટમાંથી બધી પ્રમાણિત નકલો મેળવી શકશે.



## ૧૫. ઈકોર્ટ્સ મોબાઈલ દ્વારા ભારત કોડ એક્સેસ એપ્લિકેશન:





હવે ઈ–કોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશનમાં ઈન્ડિયા કોડની નવી સુવિધા ઉમેરવામાં આવી છે. તેનો ઉપયોગ કરીને કોઈપણ કોઈપણ કાનૂન, કાયદાઓ, નિયમો, અધિસૂચનાઓ વિગેરે મેળવી શકે છે. તે તમારા મોબાઈલમાંના તમામ કાયદાઓની સરસ તૈયાર સામગ્રી છે. ઉદાહરણ તરીકે, જો તમે સીપીસીમાં કોઈપણ કલમનો સંદર્ભ લેવા માંગતા હોવ, તો તે અહીં બતાવ્યા પ્રમાણે મોબાઈલ એપ્લિકેશન લિંકથી સરળતાથી મેળવી શકાય છે.

## <u>૧૫.૧ઈન્ડિયા કોડથી બેર એક્ટ શોધવો</u>

જો તમે કોઈ કાયદો શોધવા માંગતા હો, તો તમારે શોધબોક્ષમાં શોધકોડ ટાઇપ કરવાનો રહેશે, અને તમે તેને ઈન્ડિયા કોડમાંથી મેળવી શકો છો. ઉદાહરણ તરીકે, જો તમને ફોજદારી કાર્યરીતી સંહિતા જોઈએ છે, તો તમે તેને બોક્ષમાં લખી શકો છો અને મેળવી શકો છો.



## <u>૧૬.     અદાલત સંકુલ દર્શક:</u>




ઇ–કોર્ટ મોબાઇલ એપ્લિકેશનમાં એક નવો વિકલ્પ–અદાલત સંકુલ દર્શક ઉમેરવામાં આવ્યો છે, જે પક્ષકારો માટે હાથવગું સાધન છે. જો કોઈ પક્ષકાર દુરની અદાલતથી સમન્સ મેળવે છે અને અદાલતના સ્થાન વિશે અજાણ છે, તો તે અદાલત સંકુલ દર્શકનો ઉપયોગ કરી શકે છે અને નકશામાં અદાલતનું સ્થાન શોધી શકે છે, અને તે અદાલત સંકુલ દર્શકનો ઉપયોગ કરીને અદાલતમાં પહોંચી શકે છે. આ અદાલત સંકુલ દર્શક આપણી ભારતીય મેપિંગ એપ્લિકેશન – ભુવન પર કાર્ય કરે છે અને કોઇમ્બતુર ખાતેની અદાલતની શોધ અહીં સ્ક્રીનશોટ સાથે બતાવવામાં આવ્યા છે.

## <u>૧૭.     ઇ–કોર્ટ મોબાઇલ એપ્લિકેશનમાં ઇ–ફાઇલિંગ લિંકઃ</u>

તમે ઇ–કોર્ટ સેવાઓ જેમ કે ઇ–ફાઇલિંગ, ઇ–ચુકવણું અને એનજેડીજીનો પણ ઉપયોગ કરી શકો છો. એકવાર તમે ઇ–ફાઇલિંગ એપ્લિકેશન પર





ક્લિક કરો, તે તમને ઈ–ફાઈલિંગ પોર્ટલ [https://efiling.ecourts.gov.in](https://efiling.ecourts.gov.in) માં લઈ જશે અને ભારતના નકશામાંથી, તમે તમારા સંબંધિત રાજ્યને પસંદ કરી શકો છો અને કેસ ઈ–ફાઈલિંગ શરૂ કરી શકો છો. તમે ઈ–ફાઈલિંગ પોર્ટલ હેઠળ પૂરા પાડવામાં આવેલ મદદરૂપર વિડિઓઝ અને માર્ગદર્શિકાનો પણ ઉપયોગ કરી શકો છો અને તમારા કેસનું ઈ–ફાઈલિંગ શરૂ કરી ડિજિટલ યુગના વકીલ બની શકો છો.

## ૧૮. ઈકોર્ટ્સ મોબાઈલ એપ્લિકેશનમાં ઈ–ચુકવણી લિંક:

જ્યારે તમે ઈ–ચુકવણું વિકલ્પ પર ક્લિક કરો છો, ત્યારે તે તમને [https://pay.ecourts.gov.in](https://pay.ecourts.gov.in) પર લઈ જશે. જ્યાંથી તમે અદાલત ફી, ન્યાયિક

થાપણ, શિક્ષાત્મક તેમજ ફોજદારી દંડ માટે ડિજિટલ ચુકવણી કરી શકો છો. તમે તમારા સીએનઆર નંબર અથવા કેસ નંબરનો ઉપયોગ કરીને અને તમારા મોબાઇલ નંબરનો ઉપયોગ કરીને ડિજિટલ ચુકવણી કરી શકો છો.




## <u>૧૯. ઈ–કોર્ટ્સ મોબાઇલ એપ્લિકેશનમાં એનજેડીજી લિંક:</u>


જ્યારે તમે એનજેડીજી બટન પર ક્લિક કરો છો, ત્યારે તે તમને સીધી હેઠળની એનજેડીજી લિંક:https://njdg.eCourts.gov.in પર લઈ જશે, જ્યાંથી તમે નીચે મુજબની વિગતો મેળવી શકો છો.

૧૯.૧ રાષ્ટ્રીય ન્યાયિક માહિતી ગ્રિડ (જિલ્લા અને તાલુકા અદાલતો)

૧૯.૨ રાષ્ટ્રીય ન્યાયિક ડેટા ગ્રીડ (ઉચ્ચ અદાલતો).

એનજેડીજીનો ઉપયોગ કરતી વખતે, તમારે રાજ્ય પસંદ કરવાની જરૂર

રહેશે, પછી–જિલ્લા અને ડ્રિલ–ડાઉન વિકલ્પનો ઉપયોગ કરીને, તમે બાકી રહેલા કેસ, નિકાલ થયેલ કેસ, કેસ પ્રકાર, તબક્કા વગેરેની વિવિધ વિગતો મેળવી શકો છો. ડ્રિલ–ડાઉન વિકલ્પનો અનુભવ કરવા માટે મોબાઈલમાં હાથથી સ્પર્શ કરો.



njdg.ecourts.gov.in

**NJDG for High Courts**


High Court:- All ▾ GO | Welcome Guest


| | | | |
|---|---|---|---|
| 2072618 Civil Cases(Pending) | 1361099 Criminal Cases(Pending) | 1358926 Writ Cases(Pending) | 4792643 Total Cases(Pending) |
| 1467621 * Civil Cases more than 1 Years(Pending) | 928626 * Criminal Cases more than 1 Years(Pending) | 959753 * Writ Cases more than 1 Years(Pending) | 3356000 * Total Cases more than 1 Years(Pending) |

* Cases Pending more than one year figures do not include High Court of Bombay, Delhi and Madhya Pradesh as these HC's are not shifted to Case Information System NC 1.0 developed by eCommittee, Supreme Court of India.

**SUMMARY REPORT OF INDIA AS ON DATE :-- 19/06/2020**


| PARTICULARS | CIVIL CASES | CRIMINAL CASES | WRIT PETITION | TOTAL CASES | PERCENTAGE |
|---|---|---|---|---|---|
| Cases Filed In Last Month | 5836 | 19819 | 9476 | 35131 | (0.73%) |
| Cases Disposed In Last Month | 5868 | 17133 | 6766 | 29767 | (0.62%) |
| Cases Disposed In Last Month (more than 10 years old) | 413 | 199 | 360 | 972 | (0.02%) |
| **Pre-Registration** | | | | | |
| Cases-Under Objection | 65330 | 32200 | 15156 | 112687 | (2.34%) |
| Cases-Pending Registration | 325567 | 118235 | 90289 | 534090 | (11.11%) |
| **Pending Cases Age Wise** | | | | | |
| Cases Pending (0 to 1 year ) | 441971 | 368963 | 306725 | 1117659 | (23.32%) |
| Cases Pending (1 to 3 years ) | 519871 | 293099 | 313198 | 1126168 | (23.5%) |
| Cases Pending (3 to 5 years ) | 299228 | 171245 | 216274 | 686747 | (14.33%) |
| Cases | | | | | |




## <u>૨૦.     સહાય વિકલ્પ:</u>

ઈ–કોર્ટ સેવાઓ હેઠળ વિવિધ વિકલ્પોનો ઉપયોગ કેવી રીતે કરવો તે આ સહાય વિકલ્પ હેઠળ દર્શાવવામાં આવ્યું છે, જે જ્યારે પણ શંકા ઉભી થાય ત્યારે મદદ કરશે. જ્યારે તમે સહાય હેઠળના દરેક ટેબ પર ક્લિક કરો છો, ત્યારે તે સુવિધાઓનો ઉપયોગ કરવા માટે માર્ગદર્શિકા છબીઓ સાથેનું પગલું બતાવશે. દાખલા તરીકે, જો તમે ઈકોર્ટ્સ સેવાઓ એપ્લિકેશનમાં સહાય હેઠળ મારા કેસના ટેબને ક્લિક કરો છો, તો તે સ્ક્રીનશોટમાં બતાવ્યા પ્રમાણે સહાય વિગતો ખુલશે, જેને તમે અનુસરી શકો છો અને મેનુનો ઉપયોગ શરૂ કરી શકો છો.



*આજે જ ઈકોર્ટ્સ સેવાઓ મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કરો !*


*અને તમારા કેસની સ્થિતિ તમારા હાથ(મોબાઇલ)માં ૨૪x૭ નિઃશુલ્ક મેળવો*

# ભારતની ઉચ્ચ ન્યાયાલયો / જિલ્લા અદલતો / તાલુકા અદાલતો માટે

# ઈ-કોર્ટ્સ સેવાઓ મોબાઇલ એપ્લિકેશન

## *eCourts Services App for Android & iOS*

- કેસ સ્થિતિ, કેસ સૂચિ, અદાલતના ચુકાદાઓ / હુકમો મેળવો
  તમારા કેસોને માય કેસિસ દ્વારા ૨૪x૭ હાથવગા(મોબાઇલમાં) રાખો
- કેસનો સંપૂર્ણ ઇતિહાસ મેળવો
- તમારા ચુકાદાઓ / હુકમ જુઓ
- અદાલત સંકુલ દર્શક મેળવો
- યુનિક સી.એન.આર. નંબરથી કેસ શોધો.
  (http://services.ecourts.gov.in/ecourtindia_v5.1 પરથી
  સી.એન. આર. નંબર મેળવો)
- ક્યૂ.આર. કોડ સ્કેનથી કેસ સ્થિતિ મેળવો
  (http://services.ecourts.gov.in/ecourtindia_v5.1 પરથી
  ક્યૂ.આર. કોડ મેળવો)
- કેસ નંબર / ફાઇલિંગ નંબર / એફ.આઇ.આર. નંબર / પક્ષકારનું નામ /
  વકીલનું નામ / અધિનિયમ / કેસ પ્રકારને આધારે કેસ સ્થિતિ શોધો
- કેસ સૂચિ મેળવો
- "મારા કેસ" વિકલ્પ હેઠળ તમારા કેસ સંચિત કરો અને તેની માહિતી મેળવો
- "મારા કેસ" વિકલ્પમાં "આજના કેસ" વિશે માહિતી મેળવો
- કેલેન્ડર વિકલ્પ મેળવો




એન્ડ્રોઇડ અને આઈ-ઓ.એસ. માટે ડાઉનલોડ કરો

GET IT ON Google Play

Download on the App Store

ડાઉનલોડ

ઇ-કોર્ટ વેબપેજ પરથી એન્ડોઇડ અને આઈ-ઓ એસ માટે ઇ-કોર્ટ મોબાઈલ એપ

https://services.ecourts.gov.in/ecourtindia_v6/

ઇ-કમિટી, સર્વોચ્ચ ન્યાયાલય